જરૂરીયાત હોય તો આવી સ્થાનિક MSM જાતિય આરોગ્ય માટે કામ કરતી સંસ્થા તમને મદદરૂપ નીવડી શકે. માટે આ પ્રકારની સંસ્થાઓના સંપર્ક અને ફોનનંબર રાખવા હિતાવહ છે અને જયારે મદદની જરૂરિયાત હોય ત્યારે તેમનો સંપર્ક કરી શકાય. જયાં સુધી તમે તમારા અધિકારોને જાણી અને તેનો અમલ નહી કરો ત્યાં સુધી અન્યો દ્વારા તેનો દુરૂપયોગ / હનન થયા કરશે.

આ સારાંશ લેખના લેખનકાર્ય માટે નાઝ ફાઉન્ડેશન શ્રી. આદિત્ય બંદોપાધ્યાયનો ખાસ આભાર માને છે.

*કોપીરાઈટ (C) નાઝ ફાઉન્ડશન ૨૦૦૩*

Advocacy, policy and support on male sexualities
Naz Foundation International

# શું તમે એક પુરૂષ છો કે જે બીજા પુરૂષ સાથે જાતિય સંબંધ ધરાવે છે ?

**( MSM – Men Who Sex With Men)**



શું તમે જાણો છો કે ભારતમાં બે પુરૂષો વચ્ચેનો જાતિય સંબંધ એ ગુન્હો ગણાય છે. ઈન્ડીયન પીનલ કોડની સેકશન ૩૭૭ની કલમ એવું કહે છે કાર્નેલ જાતિય સંબંધ - પ્રકૃતિ વિરૂધ્ધનો જાતિય સંબંધ એ આજીવન કેદની સજાને પાત્ર છે. જોકે ' *પ્રકૃતિ વિરૂધ્ધનું* ' શું છે? એ વ્યાખ્યાયિત કરાયું નથી. અદાલતે મુખ મૈથુન અને ગુદા મૈથુન અંગેના કાયદાઓ તો ઘડયા છે પ્રશ્ન એ છે કે આ કાયદો કેટલે અંશે વ્યાજબી છે ? અને અમલીકૃત છે ?

આ કાયદો ૧૮૬૦માં ઘડાયો છે. અને તે ' *ઈંગ્લીશ એન્ટી સોડોમી* ' ના કાયદાઓ પર આધારીત છે. ઈંગ્લેંડમાં હાલ ' *એન્ટી સોડોમી કાયદો* ' કાર્યરત નથી. પરંતુ ભારતમાં તે આજેય લાગુ છે. પરંતુ સજાતિયતા વિશેની સમજ અને વલણોના બદલાવના પરિણામે ભારતમાં પણ આ કાયદાને રદ કરવાની માંગ ઉભી થઇ છે.

ભારતમાં કાયદા વિભાગે આ કાયદો રદ થવો જોઇએ તેવી ભલામણ કરી છે. આ કાયદો MSM સહીતના તમામ નાગરીકોના મૂળભૂત હક્કોની વિરૂધ્ધમાં છે.

આ કાયદો વ્યવહારમાં ભાગ્યે જ જોવા મળે છે. છતાં પોલીસ અને કાયદાના જાણકાર MSM પાસેથી પૈસા પડાવે, સતામણી કે બ્લેકમેઇલ કરે. રેડ વખતે આ પ્રકારની સતામણીનો તમે ઘણી વખત સામનો કરો છો. જયાં સુધી આ કાયદો અસ્તિત્વમાં હશે ત્યાં સુધી HIV / AIDS દરમિયાનગીરીનું કાર્ય MSM સાથે યોગ્ય રીતે થઇ શકશે નહી.

MSM ને નિરોધનું વિતરણ કરવું તથા સલામત જાતિય વર્તનની માહિતી આપવી એ આ કાયદામાં ગુન્હા તરીકે જોવાશે. MSM ના માનવીય અને મૂળભૂત હક્કો સાથેના અન્ય હક્કો માટે પણ તેઓ સહન કરે છે અને તેથી જ તેને રક્ષીત કે પ્રોત્સાહીત કરી શકાતા નથી.

**હાઈકોર્ટ અથવા સુપ્રિમકોર્ટ આ કાયદાને બિનતાર્કીક અને અમાન્ય કરી શકે. પરંતુ હજી સુધી આવો ચૂકાદો અસ્તિત્વમાં નથી.**

- *હાલમાં દિલ્હી હાઈકોર્ટમાં આ કાયદાને પડકારાયો છે.*

**પરંતુ**

- ***એનો અર્થ એવો કે તમારી પાસે કોઈ અધિકારો જ નથી ?***



દાકતર કે અન્ય કોઇ વ્યકિત તમારૂ HIV ટેસ્ટ ત્યાં સુધી ન કરી શકે જયાં સુધી તમારુ કાઉન્સિલીંગ ન થયું હોય અને તમારી સંપૂર્ણ પરવાનગી ન લેવાઇ હોય. તમારી પરવાનગી પણ મુકત હોવી જરૂરી છે. એટલેકે કોઇપણ વ્યકિત તમને કોઇપણ સહમતિ માટે દબાણ કે બળજબરીથી દોરી ન શકે.

જો તમારી ઈચ્છા વિરૂધ્ધ તમારો HIV ટેસ્ટ કે કોઇપણ સારવાર થઇ હોય તો તમે દાકતર સામે કે તબીબી / મેડીકલ સંસ્થાન સામે કાયદાની મદદ મેળવી શકો છો.

તમને તમારી કોઇપણ સારવારની ગુપ્તતા જાળવવાનો અધિકાર છે. જો તે ગુપ્તતાનું ખંડન / ભંગ કરવામાં આવે તો કાયદેસર કાર્યવાહી કરી શકવાનો પણ તમને અધિકાર છે.

જો તમે HIV પોઝીટીવ હો અને કોર્ટમાં તમારી ઓળખ છતી થઇ જવાનો તમને ભય હોય તો હવે તમે બદલેલા (ખોટા) નામથી તમારી ઓળખ છતી કર્યા સિવાય [ એને ઓળખાણ છુપાવવી (Suppression of identity) કહેવાય છે ] . પણ કોર્ટમાં જઇ શકો છો.

તમને કોઇપણ રાજય સંચાલિત તબીબી સંસ્થાનમા તબીબી સારવાર મેળવવાનો અધિકાર છે. તમારી સાથે MSM હોવાના આધાર પર કોઇ ભેદભાવ દાખવી શકાય નહી ખરૂ જોઇએ તો કોઇ તબીબી સંસ્થાન તમારી સારવાર નો કોઇ જ આધાર પર ઈન્કાર કરી શકે નહી. જો તેવું થાય તો તેમના વિરૂધ્ધ તમે કાયદેસર કાર્યવાહી કરી વળતર પણ મેળવી શકો છો.

તમે તમારા શરીરના સંપૂર્ણ માલિક છો એ હકીકતમાંથી **જાતિય અધિકારનો** ઉદભવ થયો છે. કોઇપણ વ્યકિત તમારી ઈચ્છા વિરૂધ્ધ તમારા શરીર માટે દખલગીરી / દરમ્યાનગીરી ન કરી શકે. એટલેકે કોઇ વ્યકિત તમને તેની / તેણીની સાથે સેકસ (જાતિયસંબંધ) કરવા દબાણ ન કરી શકે. જો તમે સલામત સેકસ માટે સહમત થયા હો તો કોઇપણ વ્યકિત તમારી સાથે અસલામત સેકસ (જાતિય સંબંધ) ન કરી શકે. આવી કોઇપણ પ્રવૃત્તિ કે જાતિય / સેકસની બળજબરી કરનાર વિરૂધ્ધ કાનૂની પગલા લઇ, તેને સિવિલ કોર્ટમાં વળતર માટે ઘસડી લઇ જઇ શકાય છે.

***સામાન્યતઃ*** સ્થાનિક MSM જાતિય આરોગ્ય કાર્યક્રમો / સંસ્થાઓ તમને મદદરૂપ થઇ શકે છે. જો તમને કોઇ સમસ્યા હોય કે તમારા અધિકારોનું હનન થતું હોય અથવા તમારે કાનૂની મદદની

- એ સમજવું ખૂબ જરૂરી છે કે તમે પોલીસને જે કઇ કહો તેનો પોલીસ તમારી વિરૂધ્ધના પુરાવા તરીકે ઉપયોગ ન કરી શકે.
- પોલીસ તમારા પર બળપ્રયોગ કે થર્ડ ડીગ્રીનો ઉપયોગ ન કરી શકે.

***જો તમારી ધરપકડ થાય તો તમે આવી કેટલીક બાબતો કરી શકો.............***

- વિશ્વાસપાત્ર વકીલ અથવા વકીલ મેળવી આપે તેવા વ્યકિતનો ફોન નંબર હંમેશા તમારી પાસે રાખો, અને જો તમારી ધરપકડ થાય તો તેને ફોન કરવાનો આગ્રહ રાખો.
- જો તમારી ધરપકડ થવાની છે એવું તમે જાણતા હો તો એ સલાહભર્યુ છે કે તમે આગોતરા જામીન મેળવવા માટે અરજી કરી દો.
- જયારે તમારી ધરપકડ થાય ત્યારે ધરપકડનો વિરોધ કરવામાં સાર નથી. પરંતુ, ત્યાર પછી કાયદાકીય મદદ મેળવવી એ જ યોગ્ય ઉપાય છે.
- તમે તમારા અધિકારો વિશે જાણો છો અને પોલીસના કોઇ ગેરકાયદેસરના પગલા માટે પોલીસને તમે આત્મવિશ્વાસ અને હિમંતપૂર્વક જણાવી શકો.

**આ સિવાય એવા અન્ય**

**કોઇ અધિકારો છે? કે જે એક MSM તરીક તમારે જાણવા જરૂરી છે.**

**અવશ્ય હા !** તમારે તમારા **આરોગ્યના અધિકારો** તથા **જાતિય અધિકારો (Health Rights & Sexual Rights)** વિશે જાણવું જ જોઇએ.

**આરોગ્યના અધિકારો** એ જીવવાના અધિકારોમાંથી ઉદભવ્યાં છે. જેની આપણે અગાઉ સમજ મેળવી છે. જયાં સુધી તમે મુકત, ચોક્કસ અને સંપૂર્ણ પરવાનગી જાહેર ન કરો ત્યાં સુધી તમારા શરીર પર કોઇ વ્યકિત દખલગીરી કે દરમ્યાનગીરી ન કરી શકે.

સંપૂર્ણ પરવાનગીનો અર્થ એવો છે કે ડાક્ટર પોતાની મરજી મુજબ મન ફાવે તેમ તમારી સારવાર ન કરી શકે. તમારી સારવારની જો કોઇ આડઅસર હોય તો તેણે તમને જણાવવું પડે અને તમારી સહમતિ લીધા પછી જ તમારી સારવાર કરી શકે.



ખરેખર ના. તમારી ,પાસે કેટલાક ચોક્કસ અધિકારો છે જેને કાયદો તમારાથી દૂર નહી કરી શકે આ બધા મૂળભૂત અધિકારો કે જે બંધારણથી મળેલા છે. આ બધા નાગરીકો માટેના મૂળ પાયાના અધિકારો છે. અને હાઇકોર્ટ અથવા સુપ્રીમકોર્ટ એવા કોઇપણ કાયદાને અમાન્ય જાહેર કરી શકે જે મૂળભૂત હક્કો /અધિકારોની વિરૂધ્ધમાં હોય.

➢ ***તમારે જેનાથી જાણકાર જવું જરૂરી છે એવા કેટલાક પાયાના અધિકારો.***

**સમાનતાનો હક (આર્ટીકલ ૧૪)** આનો અર્થ એ છે કે તમા નાગરીકો પછી તે MSM હોય કે ન હોય તેમની સાથે સમાન વર્તાવ થાય અને તેમને કાયદા અનુસાર સમાન રક્ષણ આપવામાં આવે. આ આર્ટીકલ રાજયને સંબોધીને છે. (રાજય એટલે સરકાર અથવા સરકારી સંસ્થાઓ જેવી કે, પોલીસ વિ.) કે કોઇની પણ સાથે ભેદભાવયુકત વર્તવા માટે કોઇની પર પણ લાગુ કરી શકાય.

**એક MSM તરીકે તમારા માટે આ મહત્વનું બની રહેશે. કારણ MSM ને પંરપરાગતરીતે ભેદભાવથી જોવામાં આવે છે.**

**વિવિધ સ્વતંત્રતાનો અધિકાર (આર્ટીકલ ૧૯)** આ આર્ટીકલ સ્વતંત્રતા અંગેની કેટલીક બાંહેધરી આપે છે. જેવી કે,

***વાણી અને અભિવ્યકિતની સ્વતંત્રતા***

એટલેકે જો તમે **‘ કોતી ‘** હો અને તમે સ્ત્રીના વસ્ત્રો પહેરવા ઇચ્છતા હો અથવા શૃગાંર - મેકઅપ કરવા ઇચ્છો તો એ તમારી વ્યકિતગત અભિવ્યકિત છે. આ બાબત માટે તમને કોઇ સતામણી કે બક્ષિત ન બનાવી શકે. આવી કોઇ સતામણી બાબતે તમે પોલીસ રક્ષણ મેળવી શકો. જો પોલીસ દ્વારા જ આવી સતામણી થાય તો તેમના વિરૂધ્ધ પણ ફરીયાદ કરી શકાય, અથવા તેમને કોર્ટમાં ઘસડી લઇ જઇ શકાય, એનો મતલબ છે કે તમે તમારા વિચારો અને દ્રષ્ટિકોણ કોઇપણ પ્રકારના ભય વિના વ્યકત કરી શકો.

### *શાંતિપૂર્વકના મેળવડાઓ (મીટીંગ) - શસ્ત્રરહિત મેળવડાઓની સ્વતંત્રતા.*

એનો અર્થ એવો છે કે તમને અને અન્ય MSM ને જાહેર સ્થળોએ મુલાકાત લેવાનો કે ફરવા જવાનો અધિકાર છે. અન્યથા જયાં સુધી તમે કશુંક અશાંતિભર્યુ વર્તન અથવા અન્ય લોકોનો વિરોધ થાય, કે સમસ્યા સર્જાય તેવું વર્તન ન કરો ત્યાં સુધી તમે જાહેરમાં પણ મળી શકો છો. તમે આવા જાહેર સ્થળોએ મીટીંગ - બેઠક કે મેળાવડાઓ પણ યોજી શકો. આનો મતલબ એવો છે કે તમે કોઇ પ્રતિબંધિત વ્યવહાર ન કર્યો હોય તો પોલીસ તમને જાહેર સ્થળોએ સતામણી ન કરી શકે.

### *જોડાણ - સંગઠન કે યુનિયન બનાવવાની સ્વતંત્રતા*

આ સ્વતંત્રતા પ્રમાણે તમને બિન સરકારી સંસ્થા / સ્વૈચ્છિક સંસ્થા કે કોઇ આધારજૂથ (સપોર્ટ ગૃપ) કે જે તમારા હિત માટે કાર્ય કરતા હોય તેની રચના કરવાનો અધિકાર છે. આ સંસ્થા કે સપોર્ટગૃપમાં કોઇ ગેરકાયદેસર પ્રવૃત્તિ થવી ન જોઇએ. તો તમે સરકાર કે પોલીસની દખલગીરી કે સતામણીથી સુરક્ષિત રહી શકો છો.

### *ભારત વિસ્તારમાં મુકતતાથી ભ્રમણ કે ફરવાની સ્વતંત્રતા*

આ અધિકાર તમને ભારતના કોઇપણ વિસ્તારમાં બેરોકટોક ફરવાની સ્વતંત્રતા આપે છે. અને નાના પાયા પર કોઇપણ જગ્યા જેવી કે બાગ - બગીચા જેવા જાહેર સ્થળો તમારા અને અન્ય MSM ના ફરવા કે સામાજીક મેળાવડા માટે કયારેક બંધ ન થઇ શકે. જો તમે પુરૂષ સેકસ વર્કર હો તો પણ જાહેર સ્થળોથી કોઇ તમને દૂર ન કરી શકે અથવા તમારી કોઇ હરકત પર નિયંત્રણ ન મૂકી શકે. પરંતુ, જો તમે વાસ્તવિક જાતિય સંબંધ / સંભોગનું વર્તન કરો તો કાયદાભંગ અને બિભત્સ વ્યવહાર હેઠળ તમારા પર કાયદાકીય કાર્યવાહી થઇ શકે, જાતિય સંભોગ / ક્રિયા કે તેની માગણી કરવા સબબ તમે અનૈતિક ટ્રાફિક નિયમન કાનૂન ( Immoral Traffics Prevention Act) હેઠળ સજાપાત્ર બની શકો છો.



### **તો..... પોલીસ તમારી ધરપકડ કરે તો તમારા અધિકારો કયાં છે. અને તમે શું કરી શકો.**

- ***તમારી ધરપકડના સમયે તમારી પાસે નીચે મુજબના અધિકારો છે.***

- તમારી **ધરપકડનું કારણ** જાણવાનો.
- તમને તમારા કોઇ મિત્ર / સંબંધી કે સગાને તમારી ધરપકડ વિશે જાણ કરવાનો અધિકારછે. અને તમને કયાં રાખવાના છે તે જણાવવાનો પણ અધિકાર છે.
- તમને વકીલને બોલાવવાનો (સાધવાનો) અધિકાર છે અને વકીલ દ્વારા રજૂઆતનો પણ અધિકાર છે.
- જો તમને વકીલ રાખવો પોસાય તેમ ન હોય તો જયારે તમને મેજુસ્ટ્રેટ પાસે રજૂ કરવામાં આવે ત્યારે **મફત કાયદાકીય સહાય** મેળવી શકો છો.
- તમને **હથકડી** પહેરાવી શકાય નહી જો તમે ધરપકડનો વિરોધ કરો કે તો તમારા પર બળપ્રયુકિત થઇ શકે છે.
- તમારી ધરપકડ પછીના ૨૪ કલાકમાં તમને મેજીસ્ટ્રેટ સામે રજૂ કરવામાં આવશે. જો તેવું ન થાય નો તમે રજુ થવા માટે આગ્રહ કરી શકો છો.

- જો તમે જામીનપાત્ર ગુન્હેગાર બનતા હો તો તમને જામીન પર છૂટવાનો અધિકાર છે.



- જો તમારા પર લાગુ કરાયેલ ગુન્હો જામીનપાત્ર ન હોય તો તમારી પાસે મેજીસ્ટ્રેટ / અદાલત પાસે જામીનની અરજી કરવાનો અધિકાર છે.
- તમારી ધરપકડના સમયે તમારી દાકતરી તપાસ કરાવવાનો તમને અધિકાર છે. અને તમારા શરીર પરની કોઇ ઇજા કે નીશાનીઓને નોંધી શકાય છે.
- તમારા બંદીવાસ (કસ્ટડી) દરમ્યાન તમને દર ૪૮ કલાકે દાકતરી તપાસ કરાવવાનો અધિકાર છે.
- તપાસ / પ્રશ્નોત્તરી દરમ્યાન તમને તમારા વકીલને મળવાનો અધિકાર છે.
- તમારી જાત સામેના પુરાવાઓ આપવા માટે પોલીસ તમને દબાણ ન કરી શકે. એવા સમયે તમે મૌન રાખી શકો અથવા કોઇપણ પ્રશ્નોના જવાબ ન આપવા ઇચ્છો તો તેમ કરી શકો છો.

**પોલીસ અધિકાર ક્ષેત્ર બહાર (નોન - કોગ્નીઝેબલ)**ના ગુન્હાઓ એટલે કે જેમાં ગુન્હાની તપાસ માટે પોલીસને મેજીસ્ટ્રેટની પરવાનગી લેવાની જરૂર પડે છે. વ્યકિતની ધરપકડ કરતા પહેલા પોલીસને એરેસ્ટ વોરન્ટની પણ જરૂરિયાત રહે છે. આથી આવા કિસ્સામાં તમે પોલીસ સ્ટેશનની જનરલ ડાયરીમાં ફરીયાદ નોંધાવી શકો. પોલીસ સ્ટેશન ઈન્ચાર્જ તમને મેજીસ્ટ્રેટ પાસે જવાની અને કાર્યવાહીની પરવાનગી માટે સંભવિત માર્ગદર્શન આપશે. પણ તમે સીધા પણ મેજીસ્ટ્રેટ પાસે જઇ શકો અને ફરીયાદ નોંધાવી ગુનાહીત વ્યકિત પર કાર્યવાહી માટેની પરવાનગી મેળવી શકો છો.

જયારે સંડોવાયેલા વ્યકિતમાં પોલીસ હોય તેવા કિસ્સામાં સીધા મેજીસ્ટ્રેટ પાસે જવું એ જ યોગ્ય ઉપાય છે.

સામાન્યરીતે તમે પોલીસ સ્ટેશનમાં પુછી શકો કે ગુન્હો કોગ્નીઝેબલ છે કે નોન - કોગ્નીઝેબલ? વકીલની સલાહ લેવી એ પણ યોગ્ય ઉકેલ / ઉપાય છે, જેથી તે તમને સંપૂર્ણ કાર્યવાહી માં મદદરૂપ બની શકે.

ઉપરોકત વિકલ્પો સિવાય તમે એકઝીકયુટિવ મેજીસ્ટ્રેટની પાસે સંડોવાયેલ વ્યકિત સાથે કરાર કરવા માટે પણ મદદ માંગી શકો છો. જો તે કરારભંગ કરે તો તે સજાપાત્ર બને છે.

જો સંડોવાયેલ વ્યકિત પોતે જ પોલીસ હોય તો તમે તેની સામે ફરીયાદ નોંધાવી તેના પર ખાતાકીય તપાસની દાદ પણ માંગી શકો. તમે પોલીસની સામે હાઇકોર્ટમાં રીટ પીટીશન પણ દાખલ કરી શકો. હવેના દિવસોમાં તો , જો તમારા અધિકારો પોલીસ દ્વારા જ ભંગ થતાં હોય / દૂરૂપયોગ થતા હોય તો તમે રાષ્ટ્રીય કે રાજય માનવ અધિકાર પંચનો પણ સંપર્ક કરી શકો છો.

### *યાદ રાખો કે... પોલીસને તમને ત્રાસ આપવાનો / સતામણી કરવાનો અધિકાર નથી.*

પોલીસ કાયદાને તોડી ન કશે, કે કાયદો હાથમાં ન લઇ શકે, તેઓ કાયદાથી પર નથી. પોલીસ દ્વારા સતામણી કે શોષણ એ તેમની ગેરવર્તણૂક છે જેના માટે તેના પર કાયદેસરની કાર્યવાહી થઇ શકે. જો તેમની સામે ફરીયાદ નોંધાઇ હોય તો તેઓ સસ્પેન્ડ (નોકરીમાંથી સમય પૂરતા બરખાસ્ત) પણ થઇ શકે અને ચોક્કસ ગુન્હા માટે તેઓને પણ ભારતીય કાનૂન સંહીતા (ઈન્ડિયન પીનલ કોડ) મુજબ સજા થઇ શકે છે.



### *ભારતના કોઈપણ વિસ્તારમાં નિવાસ અને સ્થાયી થવાની સ્વતંત્રતા*

આનો અર્થ એવો છે કે તમને ભારતના કોઇપણ જગ્યાએ નિવાસ (રહેવાની) ની ના ન પાડી શકાય. તમે કોઇપણ જગ્યા - મકાનના કાયદેસર માલિક હો તો માત્ર MSM હોવાના કારણે કોઇ રાજય તમને દૂર કરી શકે નહી. તમારા રહેઠાણ - નિવાસમાં કોઇપણ પ્રકારની સતામણી કે અવરોધ ઉભા થવા બદલ તમે પોલીસ ફરિયાદ કરી શકો છો.

### *કોઈપણ વ્યવસાય, વ્યાવસાયિક લેવડ દેવડ કે ધંધો કરવાની સ્વતંત્રતા*



ખાસ કરીને જો તમે પુરૂષ સેકસ વર્કર હો તો આ સ્વતંત્રતા તમારા માટે ખૂબ અગત્યની છે. સેકસવર્ક એ એક વ્યવસાય છે. અને તમને તે કરી શકવાનો અધિકાર છે. જયારે ભારતીય કાયદા સંહિતા (ઇન્ડિયન પીનલ કોડ) ના સેકશન ૩૭૭ મુજબ મુખમૈથુન કે ગુદામૈથુન તે ગેરકાયદેસર છે. સેકસ સાથે સંકળાયેલ અધિનિયમ " ઈમોરલ ટ્રાફીક પ્રિવેન્શન એકટ " - કાયદા મુજબ સેકસવર્ક એ ગેરકાયદેસર નથી. પુરૂષ સેકસવર્કર માટે પણ જયાં સુધી મુખમૈથુન કે ગુદામૈથુન ની પ્રક્રિયાવાળું સેકસ સાબિત ન થ તો કોઇપણ સ્થિતિમાં તે તમને સેકસવર્ક કરતા અટકાવી નહી.

***નોંધ :-* ઉપરોકત સ્વતંત્રતાઓ એ સંપૂર્ણ નથી. જાહેર લોકહીત નૈતિકતાના મુદ્દે કોઈપણ રાજય તેના પર નિયંત્રણો મૂકી શકે છે. પરંતુ MSM ના કિસ્સામાં ચોક્કસપણે કોઇપણ નિયંત્રણો હજી સુધી મુકાયા નથી માટે તમે આ સ્વતંત્રતાઓને સંપૂર્ણ માનીને માણી શકો છો.**

### *ગેરકાયદેસર સજા વિરૂધ્ધનો અધિકાર (આર્ટીકલ - ૨૦(૧))*

આ અધિકાર કોઇપણ વ્યકિતને બિનતાર્કીક રીતે ગુન્હો ન હોય તેવી બાબત માટે સજા ન થઇ શકે તેની બાહેંધરી આપે છે. જો કે સેકશન ૩૭૭ મુજબ ગુદામૈથુન અને મુખમૈથુન ગુન્હો છે. પરંતુ, સજા કરતા પહેલા તે બાબત અદાલતમાં સાબિત કરવી પડે. અને એવું જોવામાં આવ્યું છે કે મુખમૈથુન કે ગુદામૈથુન એ સાબિત કરવું ખૂબ મૂશ્કેલ છે.

## *જીવવા તથા વ્યક્તિગત સ્વાયત્તતાનો અધિકાર (આર્ટીકલ - ૨૧)*

શકય છે કે આ અધિકાર એ સૌથી વધું અગત્યનો પાયાનો અધિકાર છે અને તેનો મતલબ છે કે કોલ રાજય તમારા જીવનને તમારાથી દુર લઇ જઇ શકે નહી કે તમારા જીવનના ધોરણો કે ગુણવત્તાને અસર પહોંચાડી શકે નહી. જયાં સુધી તમે કોઇ ગેરકાયદેસર કૃત્ય નથી કરતા ત્યાં સુધી કોઇ રાજય તમારી ઓળખ / વજુદને હાનિ ન પહોંચાડી શકે કે તમને તમારી મરજી મુજબ જીવવાની આઝાદીને છીનવી ન શકે. એટલે પુરૂષ થી પુરૂષનું સેકસ એ તમારા જીવનની ગુણવત્તા, સુખ અને અસ્તિત્વનો આધાર છે. એટલે એવું કહી શકાય કે આ આર્ટીકલ તમને સતામણી અને સેકસને ગુનાહીત બનાવવા સામેનું રક્ષણ પુરૂ પાડે છે. પરંતુ, આ બાબત અદાલતના ચુકાદાથી સ્થાપિત થવી ઘટે, જે હજુ સુધી થઇ શકયુ નથી.

## *ેક્કસ કિસ્સામાં કેદ અને ધરપકડ સામે રક્ષણ (આર્ટીકલ - ૨૨)*

પોલીસ ઘણીવાર જાહેર સ્થળોએથી MSM ને પકડી જાય છે, ત્યારે આ આર્ટીકલને સમજવો મહત્વનો બની રહે છે. આ આર્ટીકલ મુજબ પોલીસ ધરપકડ કયા આધારે કરે છે. તે વ્યકિત સામે જાહેર કરવા માટે બંધાયેલી છે. જો તમારી ધરપકડ થઇ હોય તો તમને ૨૪ કલાકમાં મેજીસ્ટ્રેટ સામે રજુ કરવા પડે. તમને પણ તમારી પસંદગીના વકીલ દ્વારા રજૂઆતનો અધિકાર છે. આપણે ધરપકડ અંગેના તમારા અધિકારો અંગે હવે પછીથી ચર્ચા / કામગીરી કરીશું.

- *શું તમારી પાસે માત્ર આટલા જ અધિકારો છે?*

**ખરેખર, તમારી પાસે સામાજીક અને ગુન્હાકીય કાયદા અન્વયે બીજા ઘણા અધિકારો છે.**

### સામાજીક અધિકારો

સામાજીક અધિકારો  એટલે તમાર મિલકતના હક્કો, અથવા વિવિધ સામાજીક / સામુદાયિક પ્રવૃત્તિઓમાં ભાગ લેવો જેવી કે મતદાન, પબ્લીક ટ્રાન્સપોર્ટ સુવિધામાં મુસાફરી, વારસાગત મિલકત, શાળા કે કોલેજ જવું, લગ્ન કરવા, બાળક દત્તક લેવું (જો તમારા અંગત કાયદા મુજબ માન્ય હોય તો) વિગેરે. માત્ર તમારા MSM હોવાના કારણે કોઇ તમારા ઉપરોકત અધિકારો છિનવી શકે નહી. સામાજીક / સામુદાયિક કાયદા મુજબ કોઇ વ્યકિત દ્વારા તમને થયેલ / પહોંચાડાયેલ નૂકશાન કે ઇજા માટે તમે અદાલતમાં વળતર માટે દાવો પણ કરી શકો છો.



## *ગુન્હાકીય (ક્રીમીનલ) કાયદો*

આ કાયદો તમને કોઇપણ પ્રકારના માનસિક કે શારીરિક ત્રાસ / સતામણી વિરૂધ્ધ રક્ષણ પુરૂ પાડે છે, અને ગુન્હેગારને સજા કરે છે. આ બાબતે દરેક પ્રકારના અવરોધ અને અથવા હીંસા કે જે ગુનાહિત કૃત્ય ગણાય છે  તેને જાણવા ખૂબ અગત્યના છે. તેથી જો તમે MSM હો અને નીચે મુજબની કોઇ પરિસ્થિતિનો સામનો કરી રહયા હો.........

- જો તમે શારીરિક હિંસાથી પીડીત / ભયભીત હો અથવા કોઇ હિંસાનો ભોગ બન્યા હોવ.
- તમને તમારા પરિવાર કે અન્ય કોઇ દ્વારા ખોટી રીતે નિયંત્રણમાં કે બાંધી / ગોંધી રખાયા હોય. ( ઉદાહરણ તરીકે તમને પૂરી દેવાયા / બંધનમાં રખાયા હોય)
- કોઇ તમને બળજબરીથી કબૂલાત કરાવતું હોય, તમને ઇજા પહોચાડવા, ઘાયલ કરવા કે તમારી પાસેથી કોઇ પૈસા પડાવવા માટે જવાબદાર હોય.
- તમે કોઇની સાથે સેકસ / જાતિયસંબંધ બાંધવા ન ઇચ્છતા હો છતાં દબાણ પૂર્વક - બળજબરીથી તમારી સાથે સેકસ / જાતિય સંબંધ કરતું હોય.
- કોઇ તમને જાહેર કરી દેવાની ધમકી આપી ડરાવતું / ધમકાવતું હોય કે બ્લેકમેઇલ કરતું  હોય.
- કોઇ તમારી સતામણી કરતું હોય કે ત્રાસ આપતું હોય.

તો ........ તેવા વ્યકિત સામે કાયદેસરની કાર્યવાહી કરી તેની ધરપકડ કરાવી શકો છો. આવી બાબતોમાં ગુન્હો કરનાર પોલીસ અધિકાર ક્ષેત્રમાં કે પોલીસ અધિકાર ક્ષેત્ર બહાર છે તેના પર કાયદાકીય કાર્યવાહી કરી શકાય છે.

## *જાણકારી પાત્ર (પોલીસ અધિકારના) અને બિનજાણકારી પાત્ર (પોલીસ અધિકાર બહારના) ગુન્હાઓ / કૃત્યો એટલે શું? અને દરેક કિસ્સામાં તમે શું કરી શકો?*

**પોલીસ અધિકાર ક્ષેત્ર (કોગ્નીઝેબલ)**ના  ગુન્હાઓ એટલે કે જેમાં પોલીસ પોતાની રીતે તપાસ કરે છે, અને ગુન્હેગાર સાબિત થાય તો તેની ધરપકડ પણ કરી શકે છે. જો તમને કોગ્નીઝેબલ ગુન્હા લાગું પડતા હોય તો તમારે ફરીયાદ નોંધાવવી પડે અને પોલીસ સાથે રહીને FRI દર્જ કરાવવી જોઇએ. FRI એ કાયદાકીય કાર્યવાહીનું પ્રથમ પગથિયું છે. ત્યાર પછી જ પોલીસ પોતાની તપાસ શરૂ કરી અને ગુન્હેગાર વ્યકિત પર કાર્યવાહી કરી શકે છે. જો પોલીસ FRI દર્જ કરવાનું નકારે તો તમે તમારી ફરીયાદ પોલીસ સુપ્રિટેન્ડેન્ટને રજીસ્ટર્ડ ટપાલથી મોકલી શકો તે FIR નોંધ્યા બરાબર જ થશે. છતાં પોલીસ દ્વારા કોઇ કાર્યવાહી ન થાય તો તેમની સામે તમે હાઇકોર્ટમાં રીટ પીટીશન દાખલ કરી શકો અને તેમને FIR પર કાર્યવાહી કરવા માટે ફરજ પાડી શકો.